(


| | | | |
|---|---|---|---|
| | બી. આર. ભટ્ટ<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |


પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧/ ૨૦૧૮–૧૯, તા.૨૩/૦૫/૨૦૧૮

અરજદારઃ- શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૬૭, તા.૨૬/૦૪/૨૦૧૮ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧/૨૦૧૮–૧૯ તા.૨૩/૦૫/૨૦૧૮.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આઈ.ડી. નં. ૬૭, તા.૨૬/૦૪/૨૦૧૮ ની અરજી અત્રે તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

"સદરહુ માહિતી અધિકાર ધારા–૨૦૦૫ અન્વયેની અરજીને સંબંધિત અનુક્રમે (૧) જાહેર માહિતી અધિકારી અને (૨) જાહેર માહિતી અધિકાર ધારા અન્વયેના અપીલ અધિકારીનું પુરુ નામ, તેઓના ચુંટણી ઓળખપત્ર અન્વયેનું અથવા તો SMC નાં રેકર્ડ ઉપરના દસ્તાવેજ અન્વયેનું, તેઓનો હોદ્દો, SMC ના રેકર્ડ અન્વયેનો કર્મચારી ક્રમાંક તથા તેઓ હાલમાં જે હોદ્દા ઉપર જયારથી ફરજ બજાવે છે તે અન્વયેની સંપૂર્ણ તવારીખી માહિતી " વિગેરે મુદ્દા ૧ થી ૧૩ થી માહિતી માંગવામાં આવેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ એપેલેટ અધિકારી, સ્લમ અપગ્રેડેશન વિભાગને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રેની કચેરીએ એસયુસી/અપીલ/નં.૧, તા.૨૩/૦૫/૨૦૧૮ થી મળેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૩૯, તા.૧૦/૦૫/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

" પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના સબબ સુરત શહેર મહાનગરપાલિકામાં આવેલ તમામ ઝોન અંતર્ગત આવાસની કુલ સંખ્યા અને તેના પ્રકાર જેવા કે EWS, LIG, MIG વિગેરે તથા સદરહુ એવા તમામ આવાસો જે જમીન ઉપર બાંધવામાં આવેલ છે તે નિર્માણ થયેલ/કરાવેલ છે, તેને સંલગ્ન સ્ટેબીલીટી રીપોર્ટ, નાણાંકીય રીપોર્ટ, સરકાર માન્ય ટેસ્ટીંગ એજન્સીઓ જેવી કે GERI અને SVNIT દ્વારા થયેલા/કરાવાયેલા ટેસ્ટીંગ સબબનાં રીપોર્ટ તેમજ તેને આનુસાંગીક કરવામાં આવેલ અસરકારક અને પરિણામલક્ષી કાર્યવાહીની દસ્તાવેજી માહિતી, ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશન તથા IS Code પ્રમાણેના આઈટમોના સ્થાને ફેરફાર કરીને ટેન્ડરની શરતો વિરૂધ્ધ જે જે આઈટમો જયાં જયાં અને જેટલી વાપરવામાં આવેલ છે તેની સંપૂર્ણ નાણાંકીય ખર્ચ સહિતની યાદી, સદર આવાસોમાં જે જે કંપનીની ટાઈલ્સો વાપરવામાં આવેલ છે અને જે જે કંપનીની લિફટનો ઉપયોગ કરવામાં આવેલ છે તે સંબંધિત આપશ્રી દ્વારા જણાવેલ માહિતી તથા જો ટ્રાયો કંપની કે અન્ય જાણીતી કંપનીની લિફટ લગાડવામાં આવેલ હોય તો તે તમામ કંપનીઓના લિફટને સંલગ્ન ટેસ્ટીંગ રીપોર્ટ, ઈન્સ્પેકશન સબબ માહિતી તેમજ કામગીરી કરનાર જવાબદાર અધિકારી અને સત્તામંડળ વિશેની જરૂરી તમામ માહિતી આપના તરફથી માંગવામાં આવેલ છે. આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત તેમજ વિપુલ પ્રમાણમાં હોય અત્રેની કચેરીએ દિન–૦૭ માં નીચે સહી કરનારનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સદરહુ ઉપલબ્ધ રેકર્ડની તપાસણી હેતુસર દફતરી ઈન્સ્પેકશન કરી શકો છો. દફતરી તપાસ / ઈન્સ્પેકશન બાદ આપની જરૂરીયાત મુજબની માહિતીની નકલો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચુકવણી કર્યેથી મેળવી શકશો.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની પ્રથમ અપીલ નં. ૧ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ બપોરબાદ/સાંજે ૪:૦૦ ના સમયે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. એસયુસી/અપીલ/ નં. ૦૭, તા.૨૮/૦૫/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા હતા અને આઈ.ડી. નં. ૬૭ થી માંગેલ

બધીજ માહિતી તથા રૂબરૂ સુનાવણી સમયે તા.૦૧/૦૬/૨૦૧૮ થી રજુ કરેલ અપીલની રજુઆત શીર્ષક હેઠળ દર્શાવ્યા મુજબની રજુઆત અન્વયે સ્પષ્ટપણે આપવા જણાવેલ.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૨૬/૦૪/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારે સુરત મહાનગરપાલિકા હદમાં સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્માણ કરાવેલ/ થયેલ શહેરી ગરીબો માટે EWS, LIG, MIG વિગેરે તથા સદરહુ એવા તમામ આવાસોના કામોની યાદી તેમજ અન્ય તમામ માહિતીનો દફતરી ઉપલબ્ધ રેકર્ડ વિપુલ અને વિસ્તૃત પ્રમાણમાં હોય, સ્લમ અપગ્રેડેશન વિભાગ કચેરીએ દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની તપાસણી હેતુસર દફતરી ઈન્સ્પેકશન કરવા અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીની જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદારશ્રી તેની નારાજગી અંગે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)નો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા/માંગેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે અને દફતરી ઈન્સ્પેકશન કરવા ઈચ્છિત ન હોય તો રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ જણાવેલ રજુઆત અન્વયે અરજદારશ્રીની આઈ.ડી. નં. ૬૭ અરજી અન્વયેની મુદ્દા નં. ૨ ની માહિતી, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચૂકવણી કર્યેથી દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીશ્રીને આપવા હુકમ કરુ છું. જયારે મુદ્દા નં. ૩ થી ૯ તથા ૧૩ ની માહિતી વિપુલ પ્રમાણમાં વિસ્તૃત પ્રકારની હોય જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૦/૦૫/૨૦૧૮ ના પત્રમાં જણાવ્યા મુજબની માહિતીનો દફતરી ઉપલબ્ધ રેકર્ડ, વિપુલ અને વિસ્તૃત પ્રમાણમાં હોય, સ્લમ અપગ્રેડેશન વિભાગ કચેરીએ દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સંલગ્ન ઉપલબ્ધ દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીની જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવાની રહે છે. જે માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચૂકવણી કર્યેથી દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીશ્રીને આપવા હુકમ કરુ છું. તે સિવાયની મુદ્દા નં. ૧ ની માહિતી પુરી પાડવાનું આર.ટી.આઈ. સેલ, સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ તથા મુદ્દા નં. ૧૦ થી ૧૨ ની માહિતી સુરત મહાનગરપાલિકાના મહેકમ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય જે તે વિભાગમાંથી માહિતી મેળવવા અરજદાર હકકદાર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./૧૩
તારીખઃ–૦૧/૦૮/૨૦૧૮

| | બી. આર. ભટ્ટ<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | | | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૫/ ૨૦૧૮–૧૯, તા.૦૬/૦૯/૨૦૧૮

અરજદારઃ- શ્રી પીંકલ પી. ઘીવાળા

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીંકલ પી. ઘીવાળાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. ૧૬૨, વેસ્ટ ઝોન આરટીઆઈ સેલ, તા.૧૩/૦૮/૨૦૧૮ થી વેસ્ટ ઝોન કચેરી ખાતે ઈનવર્ડ થઈ કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોન અને અપીલ અધિકારીશ્રીના પત્ર ક્રમાંક ૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮ થી તબદીલ કરી અત્રેના વિભાગને એસયુસી/આરટીઆઈ (પ્રથમ અપીલ)/ નં. ૫, તા.૦૬/૦૯/૨૦૧૮ થી અત્રેના વિભાગને મળેલ.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા ની આઈ.ડી. નં. ૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજી અત્રે તા.૨૩/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ છે. જેમાં અરજદારશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરાવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચ તેમજ તેના પાર્ટી કોર્ડ અને ચુકવેલ નાંણાની માહિતી તેમજ અન્ય વિગતો પૈકી ઓફિસના કામકાજ હેતુસર મીટીંગનું આયોજન કરવાનું થાય તેવા કિસ્સામાં ચા–પાણી– નાસ્તો–જમવાનો ખર્ચ કરવામાં આવે છે તે સંબંધિત મુદ્દા નં. (૧) થી (૫) માં અનુક્રમે ખર્ચની વિગત, ખર્ચ કરવા માટે સરકારના કાયદા પરિપત્ર નોટીફીકેશનની નકલ, ખર્ચ અંગેના પાર્ટી કોર્ડ તથા ચુકવેલ નાણાની વિગત, ખર્ચ કરી શકાય તે પરવાનગી આપનાર / સત્તાધિકારીની વિગતો તેમજ ચા–પાણી–નાસ્તો અંગત ઓફિસમાં કરનાર અધિકારી કર્મચારીની માહિતી તેમજ આજદિન સુધી આ મુજબ કરેલ ખર્ચના બીલની માહિતી માંગવામાં આવેલ. સદરહુ વિગતે અરજદારશ્રી દ્વારા જણાવેલ માહિતીની વિગતો નમુના–'ગ' માં અત્રેના વિભાગના ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી દ્વારા એસયુસી/આરટીઆઈ/આઉટ/નં. ૧૪૭, તા.૦૪/૦૯/૨૦૧૮ થી જરૂરી તમામ માહિતી પુરી પાડેલ છે. જે નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : સુરત મહાનગરપાલિકાની અત્રેની કચેરીમાં ઓફિસના કામકાજ હેતુસર મીટીંગનું આયોજન કરવાનું થાય તેવા કિસ્સામાં ચા–પાણી– નાસ્તો–જમવાનો ખર્ચ કરવામાં આવે છે. જે અંગે આપશ્રી ઈચ્છો તો ઉપલબ્ધ દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન જાહેર માહિતી અધિકારીશ્રીનો કચેરીના રજાના દિવસો સિવાયના કામકાજના દિવસો અન્વયે દિન–૦૭ અગાઉ નિયમોનુસાર જરૂર જણાયે ચાર્જીસ ચુકવીને કરી શકો છો. અને ઈન્સ્પેકશન બાદ આપશ્રીની જરૂરીયાત મુજબ ઉપલબ્ધ રેકર્ડ પૈકીના રેકર્ડની નકલ નિયમોનુસાર ચાર્જીસ ચુકવીને મેળવી શકશો.

મુદ્દાનં. ૨ : ચા–પાણી–નાસ્તો–જમવાનો ખર્ચ અંગે સરકારશ્રીના કાયદા, નોંધો, પરિપત્ર, નીતિ–નિયમો, નોટીફીકેશનની વિગત અત્રેના ઉપલબ્ધ રેકર્ડમાં નથી.

મુદ્દા નં.૩ : ઉપલબ્ધ રેકર્ડ પર એકાઉન્ટ વિભાગમાં ચા–પાણી–નાસ્તો અંગે અલગ પાર્ટી કોડ આપવામાં આવેલ હોય તેમ નથી. પરંતુ સદર ખર્ચ GLAC–૨૪૯૯ ખાતે પાડવામાં આવે છે.

મુદ્દા નં.૪ : સરકારી નાણાં ચા–નાસ્તો અને પાણી પાછળ ખર્ચ ખાતાકીય સક્ષમ અધિકારીશ્રીની મંજુરીથી કરી શકાય. જે અત્રેના વિભાગની કચેરીમાં કાર્યપાલક ઈજનેરશ્રીની મંજુરીથી કરી શકાય છે. જેમનું નામ અને કર્મચારી નંબરની માહિતી www.suratmunicipal.org પર ઉપલબ્ધ છે.

મુદ્દા નં.૫ : છેલ્લા પાંચ વર્ષમાં ચા–પાણી–નાસ્તો (અંગત ઓફિસમાં) સંબંધિત ખર્ચ અત્રેની કચેરીના અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ હોય તેવી વિગતો અત્રેના ઉપલબ્ધ રેકર્ડમાં નથી.

સદર અરજી અન્વયે અરજદારશ્રીએ સંદર્ભ હેઠળની અપીલ અરજીમાં જણાવેલ અપીલ માટેના કારણની સંક્ષિપ્ત વિગતો અન્વયે મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ એપેલેટ અધિકારી, કાર્યપાલક ઈજનેર વેસ્ટ ઝોન તથા તમામ ઝોન, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અપીલ કરી છે. જેના અનુસંધાને સ્લમ અપગ્રેડશન વિભાગ કચેરીના અપીલ અધિકારીશ્રી દ્વારા અપીલ માટેના કારણની સંક્ષિપ્ત વિગતો તેમજ અત્રેના વિભાગથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી દ્વારા પાઠવેલ પ્રત્યુત્તરની વિગતો અન્વયે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારને તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદારશ્રી હાજર રહયા ન હતા તથા અત્રેના વિભાગના જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી હાજર રહેલ હતા. સદરહુ હકીકત હોય અરજદારશ્રી સુનાવણી સમયે ઉપસ્થિત રહયા ન હોવાથી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તરફથી અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારે સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરાવામાં આવતા ચા–પાણી–નાસ્તો–જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષ કરવામાં આવેલા ખર્ચ તેમજ તેના પાર્ટી કોર્ડ અને ચુકવેલ નાંણાની માહિતી તેમજ અન્ય વિગતો પૈકી ઓફિસના કામકાજ હેતુસર મીટીંગનું આયોજન કરવાનું થાય તેવા કિસ્સામાં ચા–પાણી– નાસ્તો–જમવાનો ખર્ચ કરવામાં આવે છે તે સંબંધિત ઉપલબ્ધ દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન જાહેર માહિતી અધિકારીશ્રીનો કચેરીના રજાના દિવસો સિવાયના કામકાજના દિવસો અન્વયે દિન–૦૭ અગાઉ નિયમોનુસાર કરી શકો છો. તેમજ સરકારી નાણાં ચા–નાસ્તો અને પાણી પાછળ ખર્ચ ખાતાકીય સક્ષમ અધિકારીશ્રીની મંજુરીથી કરી શકાય. જે અત્રેના વિભાગની કચેરીમાં કાર્યપાલક ઈજનેરશ્રીની મંજુરીથી કરી શકાય છે. જેમનું નામ અને કર્મચારી નંબરની માહિતી www.suratmunicipal.org પર ઉપલબ્ધ છે. જે મુજબ પ્રત્યુત્તર જણાવેલ. સદરહુ પ્રત્યુત્તર અરજદારશ્રીની આઈ.ડી. અરજી અત્રેના વિભાગમાં એસયુસી/આરટીઆઈ/ઈન નં. ૭૬, તા.૨૩/૦૮/૨૦૧૮ થી મળ્યા બાદ એસયુસી/આરટીઆઈ/આઉટ નં. ૧૪૭, તા.૦૪/૦૯/૨૦૧૮ થી એટલે કે નિયત સમયમર્યાદા દિન–૧૩ માં પાઠવેલ છે. તેમજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮ થી અત્રે તબદીલ કરેલ પત્ર તા.એસયુસી/આરટીઆઈ/ ઈન/નં. ૫, તા.૦૬/૦૯/૨૦૧૮ થી અરજદારશ્રીની અપીલ અરજી સહિત મળેલ. જેમાં અરજદારશ્રીએ અપીલ માટેના કારણની સંક્ષિપ્ત વિગતો તેમજ અત્રેના વિભાગથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી દ્વારા પાઠવેલ પ્રત્યુત્તરની વિગતો અન્વયે રૂબરૂ સુનાવણી અર્થે અરજદારને તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદારશ્રી હાજર રહયા ન હતા તથા અત્રેના વિભાગના જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી હાજર રહેલ હતા.

અરજદારશ્રીની આઈ.ડી. નં. ૩૨૯ અરજી અન્વયેની મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબની માહિતી, અરજદારશ્રી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ જોગવાઈ મુજબ દિન–૦૭ માં સ્લમ અપગ્રેડેશન વિભાગ કચેરીએ જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી નીતિ નિયમ મુજબ સંલગ્ન ઉપલબ્ધ દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરવા અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીની જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવાની રહે છે. જે મુજબ અરજદારશ્રી ઈન્સ્પેકશન કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે અને ઈન્સ્પેકશન બાદ અરજદારશ્રીએ જણાવેલ માહિતી, માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૧૦ ની કલમ–૫ માં નિર્દિષ્ટ કરેલ ફી ની ચૂકવણી કર્યેથી દિન–૦૭ માં જાહેર માહિતી અધિકારીશ્રીને આપવા હુકમ કરુ છું. જયારે મુદ્દા નં. ૪ માં જણાવેલ માહિતી જાહેર માહિતી અધિકારીશ્રીના એસયુસી/આરટીઆઈ/આઉટ નં. ૧૪૭, તા.૦૪/૦૯/૨૦૧૮ ના પત્રમાં જણાવ્યા મુજબ ઓનલાઈન વેબસાઈટ www.suratmunicipal.org પરથી મેળવી શકાશે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./૧૫
તારીખઃ–૧૨/૧૦/૨૦૧૮

| | બી. આર. ભટ્ટ<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | | | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૬/ ૨૦૧૮–૧૯, તા.૧૩/૧૧/૨૦૧૮

અરજદાર:- શ્રી હિતેશ બી. જાસોલીયા
સામાવાળા:- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત:–**

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ બી. જાસોલીયાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૮૩૪, તા.૦૮/૧૦/૨૦૧૮ બાબત.

સંદર્ભ:– (૧) અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૬/ ૨૦૧૮–૧૯, તા.૧૩/૧૧/૨૦૧૮.

(૨) અત્રેની કચેરીનો અપીલ અધિકારીશ્રીનો પત્ર ક્રમાંક :– એસયુસી/આરટીઆઈ/ આ./નં. ૧૬, તા.૧૭/૧૧/૨૦૧૮.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી હિતેશ બી. જાસોલીયાની આઈ.ડી. નં. ૮૩૪, તા.૦૮/૧૦/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર(જન.), પૂર્વ(વરાછા) ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં. ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/જાવક નં. ૧૫૭૮, તા.૦૯/૧૦/૨૦૧૮ થી તબદીલ થઈ અત્રે તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ છે. અરજદારે સદર અરજીથી (A) EWS-18 SUMAN PRABHA, (B) EWS-13 SUMAN SWARG, (C) EWS-23 SUMAN SANGINI અને (D) EWS-17 SUMAN SAHKAR સાઈટો ખાતે રૂબરૂ સ્થળ તપાસ માટે સમય તેમજ બાંધકામના મટીરીયલના સેમ્પલની માંગણી કરેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રે ઈનવર્ડ નં. એસયુસી/આરટીઆઈ/અપીલ/નં.૬, તા.૧૩/૧૧/૨૦૧૮ થી મળેલ છે. સદરહુ અરજીમાં અરજદારશ્રીએ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ નીચે જણાવેલ આવાસ યોજના 2J(1) મુજબ રૂબરૂ સ્થળ તપાસ માટે સમય આપવાની માંગણી કરેલ છે.

(A) EWS-18 SUMAN PRABHA-TP 68,
(B) EWS-13 SUMAN SWARG-TP 27,
(C) EWS-23 SUMAN SANGINI-TP 53,
(D) EWS-17 SUMAN SAHKAR-TP 25.

ઉપરોકત આવાસોના બાંધકામ મટીરીયલના સેમ્પલ આપવા. સદરહુ માંગેલ માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૧૮૩, તા.૨૪/૧૦/૨૦૧૮ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

| | | |
|---|---|---|
| મુદ્દા નં. ૧ અને ૨ | : | સદર મુદ્દા અન્વયે જણાવવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ અધિનિયમ હેઠળની જોગવાઈઓમાં સદર બંને મુદ્દામાં જણાવેલ અનુક્રમે રૂબરૂ સ્થળ તપાસ તેમજ બાંધકામના મટીરીયલના સેમ્પલો આપવા અંગેની જોગવાઈનો સમાવેશ થતો નથી તેમજ આપશ્રી દ્વારા જણાવેલ આવાસો સંબંધિત અત્રેની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડનું આપશ્રી ઈચ્છો તો ઈન્સ્પેકશન માટે અત્રેના જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રીનો કચેરીના રજાના દિવસો સિવાય દિન–૦૭(સાત) અગાઉથી સમય મેળવી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળના નિયમોનુસાર ઈન્સ્પેકશન કરી શકશો. |

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી હિતેશ બી. જાસોલીયાની સંદર્ભ–(૧) હેઠળના પત્રથી દર્શાવેલ પ્રથમ અપીલ નં. ૬ ના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ સાંજે ૩ઃ૩૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને સંદર્ભ–૨ હેઠળના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં. ૧૬, તા.૧૭/૧૧/૨૦૧૮ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત ન રહેતા સુનાવણી દરમ્યાન ગેરહાજર હતા તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ હેઠળની નિયત જોગવાઈ મુજબ અરજદારશ્રીએ આઈ.ડી.અરજીમાં જણાવેલ સ્થળ સંબંધિત અત્રેની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડના ઈન્સ્પેકશન માટે અત્રેની કચેરીના રજાના દિવસો સિવાય અગાઉથી સમય મેળવી માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ હેઠળના નિયમોનુસાર ઈન્સ્પેકશન કરવા જણાવેલ છે.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી હિતેશ બી. જાસોલીયાની તા.૦૮/૧૦/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૮૩૪ બાબતે તા.૨૭/૧૧/૨૦૧૮ ના રોજ સાંજે ૩ઃ૩૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ. પરંતુ તેઓ હાજર રહયા ન હતા. અરજદારની અરજી અન્વયે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૧૮૩, તા.૨૪/૧૦/૨૦૧૮ થી પાઠવવામાં આવેલ જે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિયત સમયમર્યાદામાં પાઠવેલ છે તેમજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી/ખરાઈ કરવા અત્રેથી સદરહુ પત્રમાં જણાવેલ છતાં અરજદાર હાજર રહયા ન હતા. અરજદારને જરૂરી માહિતી માટે ઉપલબ્ધ રેકડનું નિરીક્ષણ કરી માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારીશ્રીએ જાણ કરેલ જે સંદર્ભે અરજદાર રેકર્ડ નિરીક્ષણ કરવા ઉપસ્થિત રહયા નથી તેમજ અપીલ અરજી અન્વયે રૂબરૂ હિયરીંગમાં પણ હાજર રહયા નથી, જેથી અરજદારની અપીલ અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદારની અરજી દફતરે કરવાનો હુકમ કરું છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./૧૭
તારીખઃ–૦૩/૧૨/૨૦૧૮